# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

**************************************************

**1)** ભારત ઊર્જા સપ્તાહનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, દેશની સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા 32 ગણી વધી છે

**2)** પ્રધાનમંત્રી મોદી આજે ફ્રાન્સ ખાતે AI એક્શન સમિટની સહઅધ્યક્ષતા કરશે – અનેક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે

**3)** દેશમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અત્યાર સુધીમાં 7 લાખ 72 હજાર કિલોમીટર માર્ગોનું નિર્માણ થયુ.

**4)** માઘી પૂર્ણિમા સ્નાન ઉત્સવના સુચારુ સંચાલન માટે, આજ સવારથી મહાકુંભ મેળા વિસ્તારને વાહન પ્રતિબંધિત ઝોન જાહેર કરાયો.

**5)** અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની સ્ટિલ પર ટેરિફ વધારવાની જાહેરાતના પગલે ભારતીય શેરબજારમાં ઘટાડો

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PM-ENERGY WEEK PAGE-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત છેલ્લા દાયકામાં 10મા સ્થાનથી ઉપર આવીને 5મું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે. પ્રધાનમંત્રીએ આજે સવારે દિલ્હીના દ્વારકાના યશોભૂમિ ખાતે ભારત ઊર્જા સપ્તાહ 2025નું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરતી વખતે આ વાત કરી હતી. શ્રી મોદીએ ભાર મૂક્યો કે, દેશની સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા 32 ગણી વધી છે. તેમણે ઉલ્લેખ કર્યો કે, ભારત ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પન્ન કરતો દેશ છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, બિન-અશ્મિભૂત ઇંધણ ઊર્જા ક્ષમતા ત્રણ ગણી વધી છે. તેમણે કહ્યું કે, ભારત પેરિસ G20 કરારોના લક્ષ્યોને પૂર્ણ કરનાર પ્રથમ રાષ્ટ્ર છે.

## *(બાઇટ-PM-ENERGY)*

પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે, ભારત ફક્ત પોતાના વિકાસને જ નહીં પરંતુ વિશ્વના વિકાસને પણ આગળ ધપાવી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે, આજે, ભારતનો બાયોફ્યુઅલ ઉદ્યોગ ઝડપથી વિકાસ કરવા માટે તૈયાર છે. તેમણે ઉમેર્યું કે, દેશ પાસે 500 મિલિયન મેટ્રિક ટન ટકાઉ ફીડસ્ટોક છે.

## *(બાઇટ-PM-ETHANOL)*

ઇથેનોલ મિશ્રણ વિશે બોલતા, શ્રી મોદીએ કહ્યું કે, દેશ હાલમાં 19 ટકા ઇથેનોલનું મિશ્રણ કરી રહ્યું છે, જેનાથી વિદેશી હૂંડિયામણ બચાવવામાં મદદ મળી છે, ખેડૂતો માટે નોંધપાત્ર આવક થઈ છે અને CO2 ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત ઓક્ટોબર 2025 પહેલા 20 ટકા ઇથેનોલ મિશ્રણનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવાના માર્ગ પર છે.

# REV. PM-ENERGY WEEK PAGE-2

પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે, 'મેક ઇન ઇન્ડિયા' પહેલ હેઠળ, દેશ સ્થાનિક સપ્લાય ચેઇન અને ઉત્પાદનને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. શ્રી મોદીએ કહ્યું કે, આગામી બે દાયકા વિકસિત ભારત માટે મહત્વપૂર્ણ રહેશે અને ઉમેર્યું કે, આગામી 5 વર્ષમાં દેશ ઘણા મોટા સીમાચિહ્નો પાર કરશે. તેમણે નોંધ્યું કે, ભારતના ઘણા ઊર્જા લક્ષ્યો 2030 ની સમયમર્યાદા સાથે સુસંગત છે. તેમણે સ્વીકાર્યું કે, આ લક્ષ્યો મહત્વાકાંક્ષી લાગે છે, પરંતુ છેલ્લા 10 વર્ષોમાં થયેલી પ્રગતિએ વિશ્વાસ જગાડ્યો છે કે ભારત તેમને પ્રાપ્ત કરશે.

# NEW NT PM-FRANCE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે વાતચીત કરશે. આ સંવાદનો ઉદ્દેશ્ય ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો છે. તેઓ અનેક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય વાટાઘાટોમાં પણ ભાગ લેશે. આ દરમિયાન, ભારત અને ફ્રાન્સ વચ્ચે ઘણા મહત્વપૂર્ણ દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે. પ્રધાનમંત્રી મોદી આજે કૃત્રિમ બુદ્ધિમતા એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરશે. આ પરિષદનો ઉદ્દેશ્ય કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં વૈશ્વિક ધોરણો સ્થાપિત કરવાની સાથે જવાબદાર કૃત્રિમ બુધ્ધિમતાના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

દરમિયાન ફ્રાન્સની મુલાકાતે પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પેરિસના ભારતીય સમુદાયના લોકોએ પણ પ્રધાનમંત્રી મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. અને મોદી-મોદીના નારા લગાવીને અને ત્રિરંગો લહેરાવીને પ્રધાનમંત્રીના આગમનની ઉજવણી કરી હતી.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પર ભારતીય સમુદાય પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેમની લાગણીઓ પર ગર્વ વ્યક્ત કર્યો. બાદમાં શ્રી મોદીએ AI સમિટમાં હાજરી આપનારા નેતાઓ માટે ફ્રાન્સના રાષ્ટ્રપતિ દ્વારા આયોજિત રાત્રિભોજનમાં હાજરી આપી. આ સમયગાળા દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડ વાન્સ સાથે પણ વાતચીત કરી.

ફ્રાન્સમાં આ કાર્યક્રમોમાં ભાગ લીધા બાદ, પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર બે દિવસ માટે અમેરિકાની મુલાકાતે જશે.

# LS-PMGSY

સરકારે આજે લોકસભામાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ 2002 માં તેની શરૂઆત થઈ ત્યારથી 7 લાખ 72 હજાર કિલોમીટરના રસ્તા બનાવવામાં આવ્યા છે. પૂરક પ્રશ્નોના જવાબ આપતા, ગ્રામીણ વિકાસ મંત્રાલયના રાજ્યમંત્રી કમલેશ પાસવાને જણાવ્યું કે, આ યોજનાને કારણે જ ગ્રામીણ વિસ્તારોમાં 1 લાખ 63 હજાર રહેઠાણો સુધી રોડ કનેક્ટિવિટી વિસ્તરી છે.

મંત્રીએ કહ્યું કે, આ યોજનાના ચોથા તબક્કાનો ઉદ્દેશ્ય દેશભરમાં 25 હજારથી વધુ રહેઠાણોને રોડ કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે. તેમણે કહ્યું કે, આ તબક્કો જરૂરી હતો, કારણ કે ગ્રામીણ વિસ્તારોમાં ઘણી જગ્યાઓ છે જ્યાં હજુ પણ રોડ કનેક્ટિવિટી નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PREZ - UNANI DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે યુનાની દિવસ નિમિતે નવી દિલ્હીમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ પણ ઉપસ્થિત રહેશે.

પ્રખ્યાત યુનાની ચિકિત્સક, શિક્ષક અને સ્વાતંત્ર્ય સેનાની હકીમ અજમલ ખાનના જન્મદિન નિમિતે દર વર્ષે 11 ફેબ્રુઆરીને યુનાની દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આયુષ મંત્રાલય હેઠળની અગ્રણી સંશોધન પરિષદ, સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન યુનાની મેડિસિન, "સંકલિત આરોગ્ય ઉકેલો માટે યુનાની દવામાં નવીનતાઓ" વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરી રહી છે.

આ પરિષદ સંવાદ, સહયોગ અને જ્ઞાનના આદાનપ્રદાન માટે એક મંચ તરીકે સેવા આપશે, જેનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં યુનાની દવાની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવાનો છે.

# MAHAKUMBH MAGHI PURNIMA

માઘી પૂર્ણિમા સ્નાન ઉત્સવના સુચારુ સંચાલન માટે, મંગળવાર સવારથી મહાકુંભ મેળા વિસ્તારને વાહન પ્રતિબંધિત ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીની સૂચના પર મેળા પ્રશાસને ભક્તોને, સુગમ પરિવહન અને સલામત સ્નાન પૂરું પાડવાનો નિર્ણય લીધો છે. મહાકુંભના વરિષ્ઠ પોલીસ અધિક્ષક રાજેશ દ્વિવેદીએ જણાવ્યું કે," મેળા વિસ્તારમાં શ્રદ્ધાળુઓના સ્નાનને સુગમ બનાવવા માટે 11 ફેબ્રુઆરીના રોજ સાંજે 5 વાગ્યાથી, સમગ્ર મેળા વિસ્તારને નો વ્હીકલ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. જેમાં આવશ્યક અને કટોકટી સેવાઓ સિવાયનો સમાવેશ થાય છે.

પ્રયાગરાજ શહેરમાં મહાકુંભ સ્નાન માટે બહારથી આવતા શ્રદ્ધાળુઓના વાહનો, 11 ફેબ્રુઆરીના રોજ સાંજે 5 વાગ્યા પછી સંબંધિત રૂટના પાર્કિંગમાં પાર્ક કરવામાં આવશે

# MADHYAPRADESH - ACCIDENT 10 DEATH

બિહાર અને મધ્યપ્રદેશમાં બે અલગ અલગ અકસ્માતોમાં ૧૦ કુંભ યાત્રાળુઓના મોત થયા છે.

મધ્યપ્રદેશના જબલપુરમાં આજે સવારે એક માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત થયા જ્યારે અન્ય ઇજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સિહોરા નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ-30 પર કુંભ યાત્રાળુઓને લઈ જતું એક વાહન રોંગ સાઇડથી આવી રહેલા ટ્રક સાથે અથડાયું ત્યારે આ દુર્ઘટના બની. પોલીસ અને કટોકટી સેવાઓ સહિત સ્થાનિક અધિકારીઓ રાહત અને બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે દોડી ગયા હતા. મૃતકો અને ઘાયલો આંધ્રપ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

બીજી એક ઘટનામાં, બિહારના કૈમુર જિલ્લામાં, રસ્તાની બાજુમાં ઉભેલા ટ્રક સાથે ઓટો-રિક્ષા અથડાતા ત્રણ યાત્રાળુઓના મોત થયા હતા અને બે અન્ય ઘાયલ થયા હતા.

# SHER MARKET

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુનાઇટેડ સ્ટેટ્સમાં આવતા તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની યોજનાની ઔપચારિક જાહેરાત કરતા આજે સ્થાનિક બેન્ચમાર્ક સૂચકાંકો નીચા સ્તરે ખુલ્યા. સેન્સેક્સ ચારસો કરતાં વધુ પોઈન્ટ ઘટીને 76,850ની આસપાસ કારોબાર કર્યો હતો ..નિફ્ટી 115 પોઈન્ટ ઘટીને 23,266 પર કારોબાર કરી રહ્યો હતો..

# PANDIT DEENDAYAL

પંડિત દીનદયાળ ઉપાધ્યાયને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયે તેમના જીવનની દરેક ક્ષણ ભારત માતાના ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે વિતાવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે કહ્યું કે, તેમના વિચારો અને સિદ્ધાંતો હંમેશા દેશવાસીઓને લોકોની સેવા કરવા માટે પ્રેરણા આપશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ, જેપી નડ્ડા અને અન્ય પક્ષના નેતાઓએ પણ આજે નવી દિલ્હીમાં પાર્ટી મુખ્યાલયમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયને શ્રદ્ધાંજલિ આપી.

ઉલ્લેખનીય છે કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય 1953 થી 1968 સુધી ભારતીય જનસંઘના નેતા હતા.

# ATS- ARRESTS

છત્તીસગઢ પોલીસના આતંકવાદ વિરોધી દળ, ATS એ મુંબઈમાં ત્રણ બાંગ્લાદેશી ભાઈઓની ધરપકડ કરી હતી. ભારતમાં ગેરકાયદેસર રીતે રહેવા અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઇરાક જવાના કેસમાં ધરપકડ કરી છે.

પકડાયેલા ત્રણે આરોપીઓ, બાંગ્લાદેશના જેસોર જિલ્લાના વતની છે. મુંબઈ ATS દ્વારા ટ્રેક કર્યા બાદ તેમની મુંબઈથી ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ભાઈઓ રાયપુરના ટિકરાપારા વિસ્તારમાં રહેતા હતા. તેઓ ગયા મહિનાની 26મી તારીખે ટ્રેનમાં મુંબઈ ગયા હતા અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઇરાક જવાની યોજના બનાવી હતી. મુંબઈ ATS ની મદદથી ત્રણેયને મુંબઈના પાયધોની વિસ્તારમાંથી પકડવામાં આવ્યા હતા અને સોમવારે રાયપુર પાછા લાવવામાં આવ્યા હતા.

# MANDAVIYA-MOU

શ્રમ અને રોજગાર મંત્રાલયે રાષ્ટ્રીય કારકિર્દી સેવા -NCS પોર્ટલ પર નોંધાયેલા નોકરી શોધનારાઓ માટે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક રોજગારની તકો વધારવા માટે એક અગ્રણી જોબ પોર્ટલ સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા.

આ પ્રસંગે બોલતા, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, આ કરારથી દર વર્ષે NCS માં 1.25 લાખ આંતરરાષ્ટ્રીય ખાલી જગ્યાઓ અને 10 લાખથી વધુ સ્થાનિક ખાલી જગ્યાઓ વિશે માહિતી મળવાની અપેક્ષા છે. તેમણે એમ પણ કહ્યું કે, 40 લાખથી વધુ નોકરીદાતાઓ નોંધાયેલા છે.

આ પોર્ટલે તેની શરૂઆતથી અત્યાર સુધીમાં 4.40 કરોડથી વધુ ખાલી જગ્યાઓ ભરવામાં મદદ કરી છે. ડૉ.માંડવિયાએ યુવાનોને આ પ્લેટફોર્મ પર નોંધણી કરાવવા અને ઉપલબ્ધ કારકિર્દી તકોનો લાભ લેવા વિનંતી કરી.